મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૩-૦૧-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### કડી તાલુકાના વામજ ખાતે આરોગ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ભાગ્યોદય મેડિકલ કોલેજ & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો

# આરોગ્ય મંત્રી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે હોસ્પિટલમાં દાન આપનાર દાતાઓને સન્માન પત્ર આપી સન્માનિત કરાયા






(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના વામજ ખાતે આરોગ્યમંત્રીશ્રી ઋષીકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાગ્યોદય મેડિકલ કોલેજ & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. આ તકે આરોગ્ય મંત્રીશ્રી ઋષીકેશભાઈ પટેલના વરદ હસ્તે ભાગ્યોદય મેડિકલ કોલેજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષીકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કડી વિસ્તારમાં ઘણી સંસ્થાઓ સેવાકીય અભિગમ સાથે કામ કરી રહી છે. જેના કારણે આ વિસ્તારના લોકોની સુવિધાઓમાં વધારો થઈ રહ્યો છે. આજે ભાગ્યોદય મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું ભૂમિપૂજન થયું છે. આવનારા સમયમાં આ હોસ્પિટલ દ્વારા લોકોને ઉત્તમ પ્રકારની આરોગ્ય વિષયક સવલતો પ્રાપ્ત થશે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આરોગ્ય અને શિક્ષણ બે સેવાના ક્ષેત્રો છે. લોકોને આરોગ્ય વિષયક સુવિધાઓ મળી રહે તે માટે સરકાર દ્વારા PHC, CHC સેન્ટરો ખાતે પુરતી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. આજે PMJAY યોજના થકી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વિનામૂલ્યે આરોગ્ય વિષયક સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ૨૦૪૭માં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને પરિપૂર્ણ કરવા ગુજરાત સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. આજે સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત દેશમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે કડીમાં ઘણી સંસ્થાઓ સેવાના અનોખા કાર્ય કરી રહી છે, અને આ તમામ સંસ્થાઓ એકબીજા સાથે સહકારથી કામ કરી રહી છે. આજે કડી વિસ્તારમાં ભાગ્યોદય મેડિકલ કોલેજ અને મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું ભૂમિ પૂજન થયું છે. આગામી સમયમાં આ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં તમામ પ્રકારની સુવિધાઓ જોવા મળશે અને આ વિસ્તારના લોકોને તેનો ફાયદો થશે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે હોસ્પિટલમાં દાન આપનાર દાતાશ્રીઓને સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાંસદશ્રી હરિભાઈ પટેલ, કડી ધારાસભ્યશ્રી કરસનભાઈ સોલંકી, સાબરમતી ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલ, ઉત્તર ગાંધીનગરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, અગ્રણી સર્વશ્રી દિલીપભાઈ પટેલ, ગીરીશભાઈ રાજગોર જગદીશભાઈ પટેલ, સૌરીનભાઈ પરીખ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વમાં આ પ્રકારનો પહેલો કાર્યક્રમ છે જે એક અનુભવાત્મક જ્ઞાન રૂપી શિક્ષણ આપે છે

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રૂપિયા ૭૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પ્રેરણા સંકુલ પરિસરનું લોકાર્પણ કરશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા રૂ. ૭૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પ્રેરણા સંકુલ પરિસરનું લોકાર્પણ તારીખ ૧૬ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ કરવામાં આવશે. આ સંકુલ ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ દ્વારા આ શાળાને ભવિષ્યના આધુનિક શિક્ષણ સંસ્થાનના રૂપમાં વિકસિત કરવામાં આવી રહ્યું છે. ×પ્રેરણા × એ પ્રધાનમંત્રીશ્રીએ તેઓનું પ્રારંભિક શિક્ષણ આ પરિસરમાં આવેલી શાળામાં પ્રાપ્ત કર્યું હતું.



ભારત સરકારે વડનગરમાં પ્રેરણા કાર્યક્રમ શરૂ કર્યો છે જે એક અનુભવાત્મક જ્ઞાન રૂપી શિક્ષણ આપતો કાર્યક્રમ છે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં મૂલ્ય આધારિત શિક્ષણની વાત છે. તે મૂલ્ય શિક્ષણ 'પ્રેરણા' વડનગરથી શરૂ થઈ રહ્યું છે. આ દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં આ પ્રકારનો પહેલો કાર્યક્રમ છે. એક બેચમાં વિવિધ રાજ્યોના ૧૦ જિલ્લાઓમાંથી ૨૦ બાળકો (૧૦ છોકરાઓ અને ૧૦ છોકરીઓ) અને ૧૦ ગાર્ડિયન ટીચરોનો સમાવેશ થાય છે.આ બાળકો વર્ષ ૧૮૮૮માં બનેલી વર્નાક્યુલર સ્કૂલમાં મૂલ્ય શિક્ષણનો અનુભવ કરે છે, જે વર્ગખંડોમાં દેશના માનનીય વડા પ્રધાન એક સમયે અભ્યાસ કરતા હતા તે જ વર્ગખંડોમાં બેસીને થાય છે.

પ્રેરણામાં, બાળકોને પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરા અને ભારતીય રમતોનો પરિચય કરાવવામાં આવે છે. તેની સાથે, બાળકોને ૨૧મી સદીના કૌશલ્યો વિકસાવવા માટે આધુનિક ટેકનિકલ જ્ઞાનનો અનુભવ પણ આપવામાં આવે છે. જેમ કે- લેસર કટીંગ, ૩ડ઼ પ્રિન્ટીંગ, વીએફએક્સ વગેરેના અનુભવ આપવામાં આવે છે.

આ બાળકો વડનગરના પ્રાચીન અને મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લઈને પોતાના વારસા પર ગર્વ અનુભવે છે.અત્યાર સુધીમાં, દેશના ૪૧૦ જિલ્લાઓમાંથી ૮૨૦ બાળકો પ્રેરણામાં આવીને મૂલ્ય શિક્ષણ પ્રાપ્ત કરી ચૂક્યા છે....

પ્રેરણા વિવિધતામાં એકતા પ્રતિ દેશના સન્માનને મજબૂત કરવા અને "વસુદેવ કુટુંમ્બકમ"ની ભાવનાને વધારવા માટેના પ્રધાનમંત્રીશ્રીના દ્રષ્ટિકોણને સાકાર કરે છે. અહી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ગાર્ડિયન ટીચરો અને બાળકો સાથે વાતચીત કરશે.

### વડનગર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ડેવલોપમેન્ટ ઓફ પ્રિસિક્ડ ફસાડની મુલાકાત લેશે

**વડનગરના વિરાસતને સાચવતી ૧૫ બિલ્ડીંગો ફસાડ રીસ્ટોરેશન તૈયાર થઈ ચૂકી છે. વડનગરની વિરાસતને સંરક્ષિત રાખવા માટે Precinct/ વિસ્તાર વિકાસ કાર્યો શરૂ કરવામાં આવી રહ્યા છે. વડનગરના મહત્વને દર્શાવવા માટે શહેરી મેટ્રિક્સમાં ઐતિહાસિક સ્મારકો અને પુરાતત્વીય સ્થળો તેમજ નવી સંસ્થાકીય રચનાઓ શહેરના સામાજિક-સાંસ્કૃતિક પાસાને વધારવા અને આવા નગરો અને શહેરી વસાહતોના બિન-સ્મારક ઐતિહાસિક શહેરી માળખાના રક્ષણ અને બચાવ માટે સહાનુભૂતિપૂર્ણ શહેરી સંરક્ષણ નીતિ બનાવવામાં મહત્વપુર્ણ છે. આ Fasad Restoration, સડક નિર્માણ, ઇમારતોને પુનઃઉપયોગી બનાવવા માટે તેમનો જીર્ણોદ્ધાર પગપાળા યાત્રીઓની સુવિધા માટે સંકેતો અને શેરીઓના ફર્નિચરના સુધારા કાર્યો શરૂ કરીને, ચાર પરિસરોમાં વિરાસતના સંરક્ષણ અને વિકાસની યોજના બનાવવામાં આવી છે. જેમાં વારસાગત પુનઃસ્થાપન અને મુખપૃષ્ઠને વધારવા માટે ૪ ઝોન પસંદ કર્યા છે; ૧. પ્રેરણા સ્કૂલ પ્રીસિંક્ટ, ૨. કીર્તિ તોરણ પ્રીસિંક્ટ, ૩. પથ્થરની જાવેલી પ્રીસિંક્ટ અને ૪. શર્મિષ્ઠા લેકફ્રન્ટનો સમાવેશ કરાયો છે.વડનગરના વારસાને ઉજાગર કરતી ૧૫ ઇમારતોને તેના ભૂતપૂર્વ ગૌરવમાં પુનઃસ્થાપિત કરવામાં આવી છે અને ઇમારતોને માળખાકીય રીતે મજબૂત બનાવવામાં આવી છે તેની મુલાકાત કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી લેવાના છે .આ પહેલ ૮૦:૨૦ યોજના હેઠળ છે જેમાં સરકાર ૮૦% ચૂકવશે અને સ્થાનિક લાભાર્થી ૨૦% ચૂકવશે. આ પ્રોજેક્ટમાં સમુદાયની સંડોવણીનો સમાવેશ થાય છે જેમાં તેમના ઘરોના પુનઃસ્થાપનમાં તેમના સૂચનો ધ્યાનમાં લેવામાં આવે છે. માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી લાભાર્થીઓ સાથે વાત કરશે જેમાં સ્થાનિક લોકો તેમના ઘરોના પુનઃસ્થાપન માટે પોતાની અભિવ્યક્તિ વ્યક્ત કરશે.**


### સતલાસણા એપીએમસીમાં એસીબીની લાંચ કેસમાં કાર્યવાહી

## ખેડૂતો પાસેથી મગફળીમાં ખામી ન કાઢવા ૪૫૦૦ની લાંચ લેનાર શખ્સને એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

સતલાસણા APMC ગોડાઉન ખાતે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ લાંચ કેસમાં મોટી કાર્યવાહી કરી છે. ટેકાના ભાવે (MSP) મગફળીની ખરીદીમાં કલ્યાણજી ઉર્ફે કલાજી મસાજી ઠાકોર નામના વ્યક્તિને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે.

ACBને મળેલી ફરિયાદ મુજબ, આરોપી ખેડૂતો પાસેથી મગફળીમાં ખામી ન કાઢવા માટે પ્રતિ વાહન ૨૦૦૦થી ૬૦૦૦ રૂપિયા સુધીની લાંચની માગણી કરતો હતો. આ ફરિયાદના આધારે ACBએ છટકું ગોઠવ્યું, જેમાં આરોપીએ ડિકોય પાસેથી પહેલા ૫૦૦૦ રૂપિયાની માગણી કરી અને પછી ૪૫૦૦ રૂપિયામાં સમાધાન કર્યું. લાંચની રકમ સ્વીકારતા જ ACBએ તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.



આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવી દીધો છે. APMC જેવી સરકારી સંસ્થામાં ચાલતી આવી ભ્રષ્ટ પ્રવૃત્તિઓથી સ્થાનિક ખેડૂત સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ACBની આ કાર્યવાહીથી ટેકાના ભાવે થતી મગફળીની ખરીદીમાં ચાલતી ગેરરીતિઓ પર પ્રકાશ પડ્યો છે, જે ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

## મહેસાણાના છઠિયારડા પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિની ભવ્ય ઉજવણી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

છઠીયારડા પ્રાથમિક કુમાર શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના શિક્ષિકા બહેન ભૂમિકાબેન પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદના જીવનના પ્રસિદ્ધ 'ખેતડી સ્ટેશન' પ્રસંગ પર આધારિત નાટિકાની રજૂઆત કરી હતી. નાટિકામાં યુગ પ્રજાપતિએ સ્વામી વિવેકાનંદની ભૂમિકા ભજવી, જ્યારે પંકજ, સાહિલ, મયુર, રાહુલ કે, રાહુલ ડી, હસનેન અને જયેશે પણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

શાળાના આચાર્ય જયપ્રકાશ સથવારાએ સ્વામીજીના વિશ્વ ધર્મ પરિષદના પ્રસંગો અને જીવન સંદેશ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમણે 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'ના સંદેશને વિશેષ ભાર મૂક્યો અને સમજાવ્યું કે, વ્યક્તિ જન્મથી નહીં, પરંતુ કર્મથી મહાન બને છે.

**પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે**

બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલી ફર્નિચર સાથેની ૩૫૦ સ્કે.ફુટની ઓફિસ ભાડે આપવાની છે.

: સંપર્ક :

દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પ્લેક્સ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ, હિંમતનગર, સાબરકાંઠા. ગુજરાત.

મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦

### વડનગર તાલુકાના ઉમતા-ખેરાલુ હાઈવે પર આંબાવાડી નજીક ગંભીર અકસ્માત સર્જાયો

## ઈજાગ્રસ્ત કાકા-ભત્રીજાને પિકઅપ ડાલામાં બેસાડીને ખેરાલુની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

વડનગર તાલુકાના ઉમતા-ખેરાલુ હાઈવે પર આંબાવાડી નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ખેરાલુના ફૂટ વેપારી કુંભાર મહેશભાઈ તેમના કુટુંબી ભત્રીજા પ્રજાપતિ ધાર્મિક સાથે ઈકો ગાડી (GJ02DP8716)માં વિસનગરથી ખેરાલુ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી સ્વિફ્ટ કાર (GJ18EB0177)ના ચાલકે પૂરઝડપે ગાડી હંકારી ઈકોને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કરના કારણે ઈકો ગાડી રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. આસપાસના લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ગાડીમાં ફસાયેલા બંને વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં પરિવારજનો પણ તુરંત જ સ્થળ પર પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્ત કાકા-ભત્રીજાને પિકઅપ ડાલામાં બેસાડીને ખેરાલુની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જ્યા બાદ સ્વિફ્ટ કારનો ચાલક પોતાની ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. ફરિયાદીએ



વડનગર પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જનાર ગાડી ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરાર થયેલા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

**KRISHNA AUTO COATING**

The Car Detailing Studio




પ્રમુખ ટાયરની પાછળ, એલ. કાનજી દેસાઈ બિઝનેસ હાઉસ, વિદ્યાનગર, નાગલપુર- મહેસાણા-૩૮૪૦૦૨.● મો : ૯૩૨૭૩૬૬૭૮૦




# લાખ રૂપિયાની ટીપ : કપડાં ધોવામાં મજા છે કે વાસણ માંજવામાં?

માણસ માત્રનું કામ છે મજા શોધતા રહેવાનું. રસ્તા વચ્ચે બે જણાં એકબીજાને ધોલધપાટ કરતા હોય તે જોઈને પણ મજા લેનારા ઘણાં પડયા છે. જોકે તેમનું માનવું છે કે ધોલધપાટ કરનારા લોકો જ્યારે એકમેકની ધોલ ખાતા હશે ત્યારે બેશક તેમને વેદના થતી હશે. પણ જ્યારે તેઓ એકબીજાને ધોલ મારતા હશે ત્યારે તેમને પણ મજા આવતી જ હશે. આજથી વીસ-પચીસ વર્ષ પહેલાંના જમાનામાં લગ્નોત્સુક યુવક-યુવતી જ્યારે પહેલીવાર 'બહારના ઓરડામાં વડીલો ને અંદર એ બે જણ'-વાળા એકાંતમાં મળતાં હતાં ત્યારે યુવક યુવતીને તેના શોખ, તેને શું બનાવતા આવડે છે, તેને નૃત્ય કે ગાન આવડે છે- તે અંગે પૂછતો. ને યુવતી 'તમને કોઈ વ્યસન છે કે નહીં?' પૂછતી.

પણ હવે સ્ત્રી-પુરુષ વસ્તીનું પ્રમાણ સારી પેઠે ખોરવાઈ ગયું છે. એટલે હવે સવાલો પૂછવાનો ઈજારો યુવતીઓ પાસે આવી ગયો છે. 'કોલેજમાં કોઈ ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ હતાં?'- પ્રકારનો સવાલ પૂછી તે યુવકના ચાલ અને ચલગત- એમ બંનેની માહિતી મેળવી લે છે. વધુમાં ભાવિ વધુ કહે છે; 'જુઓ હું જેન્ડર ઈક્વાલીટીમા? માનું છું. હું લગ્ન પછી જોબ કરું કે ના કરું; તમારે મને ઘરકામમાં મદદ કરવી પડશે. કચરા અને પોતામાંથી એક તથા કપડાં અને વાસણમાંથી એક- એમ કોઈ બે વસ્તુઓ પસંદ કરી લો એટલે પછીથી કોઈ ગેરસમજ ન થાય.'

વાતચીતના આ મોડ પર યુવાનને નિર્ણયશક્તિ તેને દગો દઈ જાય છે. કેમ કે એકના એક સંતાન તરીકેનો દરજ્જો ભોગવેલો હોઈ તેના ભાગમાં કદીય આ પ્રકારનાં કામ કરવાનાં આવ્યા નથી હોતા. વળી, તે પોતાની ભાવિ આર્થિક સધ્ધરતા વિશે વધુ પડતો આશ્વસ્ત હોય છે. તેથી તે પહેલા જ ધડાકે કહી ઊઠે છે; 'એ તો કામવાળા બહેન બંધાવી દઈશું.' જવાબમાં યુવતી કહે છે; 'રસોઈવાળા બેન ને કામ કરવાવાળા બેન- એ બે તો બંધાવીશું જ. પણ આ તો એ અઠવાડિયે-દસ દિવસે ગુલ્લી મારે ત્યારનું આયોજન આપણે અત્યારથી વિચારી રાખવું પડે ને! નાહક એ વખતે વાસણ ખખડાવવા. અને બીજું, કુક બેનની ગેરહાજરીમાં તો બહાર જમવા જવાનો કે બહારથી જમવાનું મંગાવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે જ; પણ સત્યની જેમ કામવાળા બેન નો કોઈ વિકલ્પ નથી.'

આવા સમયે હે યુવાન, કચરા કે પોતા પૈકીનો કયો વિકલ્પ સ્વીકારવો તે કામ અન્ય નિષ્ણાત પર છોડી; વાસણ કે કપડાંમાંથી કયો વિકલ્પ પસંદ કરવો તે અંગે જે જ્ઞાન પીરસવામાં આવે તેને બે કાન તથા બે આંખ ખુલ્લી રાખીને ગ્રહણ કર. હાં, તો સળગતો સવાલ એ છે કે જો ચોઈસ આપવામાં આવે તો કપડા અને વાસણમાંથી કયા કામ પર કળશ ઢોળવો જોઈએ. પહેલી દૃષ્ટિએ તમને લાગશે કે કપડાં ધોવાનું કાર્ય ઓછું પળોજણવાળું છે. વાસણ તરફ જતાં તમને જે રોકે છે તે છે વાસણનું એંઠાપણું. એંઠા વાસણો જોઈ ભલભલાના ટીચકું નાગીન ડાન્સ કરવા લાગે છે. ઘણાંને તો જમી લીધાની એક મિનિટ પછી પોતાની જ એંઠી ડીશ જોવી ગમતી નથી હોતી; ત્યાં આ તો પોતાની ઉપરાંત પત્ની તથા બે બાળકોને એંઠી ડીશોને ન માત્ર જોવાનો પણ માંજવાનો મામલો છે.

એની સામે (તમારી દ્રષ્ટિએ) કપડાં ધોવાનું કામ સહેલું છે. અને એથી વધુ તેમાં સુગ ચડવાનો સવાલ જ પેદા નથી થતો. ડિટર્જન્ટવાળા પાણીમાં કપડાં બોળ્યા, બ્રશ લગાડયો, ફરી પાછાં ચોખ્ખા પાણીમાં કપડાં બોળ્યાં, નીચોવ્યા, સૂકવ્યા અને પત્યું. એંઠવાડની ઝંઝટ બિલકુલ નહીં. અને કપડાં ધોતાં-ધોતાં શરીર પર પાણી ઊડે ત્યારે ફુવારાની અનુભૂતિ થાય તે જુદી. વળી, વ્હાઈટ કોલર જોબ કરતા તમે તથા તમારી પત્નીની શારીરિક પરિશ્રમ વિનાની નોકરી હોઈ શરીર પર પરસેવો વળતો નથી. જેનો સીધો ફાયદો તમે પહેરેલાં કપડાંને થાય છે. વળી, તમારાં બાળકો પણ મોબાઈલમાં વસવાટ કરતા હોઈ મેદાની રમતો તેમની જાણ બહાર હોય છે. અને તેથી તેમના કપડાં પણ ખાસ મેલાંઘેલાં હોતા નથી.

બસ, કપડાં ધોવા અંગેનો આ પ્રકારનો ખયાલી પુલાવ તમને ભેખડે ભેરવી દે છે. કપડાં ધોવાએ વિશ્વનું સૌથી જટિલ, મુશ્કેલ અને કંટાળાજનક કામ છે એ વાત તો તમે જાણતા જ નથી. પહેલા સ્ટેપથી લઈ છેલ્લા સ્ટેપ સુધીની કપડાં ધોવાની પ્રક્રિયા એટલી ત્રાસદાયક છે તેની સરખામણીએ રેડિયો પર મનકી બાત સાંભળી લેવી આગળ પડે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# મકરસંક્રાંતિના દિવસે જાણો કેવું હશે વાતાવરણ, પતંગરસિયાઓ માટે છે સારા સમાચાર : આનંદો

## સવારે ૧૦ થી ૧૨ ડિગ્રી અને બપોરે ૨૭ થી ૩૦ ડિગ્રી તાપમાન નોંધાશે : હજુ ત્રણ દિ' ઠંડીમાં રાહતઃ તા.૧૬થી ફરી ઠંડી વધશેઃ ૧૦ થી ૧૨ ડિગ્રી તાપમાન નોંધાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

મકર સંક્રાંત તા.૧૪ને મંગળવારનાં રોજ રાજકોટના પતંગ રસિયાઓને પતંગ ચગાવવા માટે વધુ મહેનત કરવી પડશે નહીં કારણ કે, સવારે ૧૦ થી બપોરે ૪ વાગ્યા સુધી મધ્યમ પવન ફુંકાશે.

સ્થાનિક હવામાન વિભાગનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ તા.૧૪ના રોજ સવારે ૧૦થી બપોરના ૪ વાગ્યા દરમ્યાન ૧૦થી ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે અને બપોરે ચાર વાગ્યા બાદ ફરી પવન મંદ પડી જશે.



આ ઉપરાંત મંગળવારે સવારે ઠંડી અને બપોરે તાપનો અનુભવ થશે. હવામાન વિભાગનાં સૂત્રો અનુસાર સવારે લઘુતમ તાપમાન ૧૦ થી ૧૨ ડિગ્રી વચ્ચે નોંધાશે.જ્યારે બપોરે મહત્તમ તાપમાન ૨૭ થી ૩૦ ડીગ્રી વચ્ચે નોંધાય તેવી શક્યતા છે.

વધુમાં હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ હજુ ત્રણ દિવસ એટલે કે, શનિ-રવિ અને સોમવારનાં રોજ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીમાં રાહત રહેશે. અને સવારનાં ભાગે લઘુત્તમ તાપમાન ૧૨ થી ૧૬ ડીગ્રી વચ્ચે નોંધાશે તેમજ તા.૧૪ અને ૧૫મીએ સવારનાં ભાગે ઠંડી અને બપોરે તાપનો અનુભવ રહેશે.જો કે તા.૧૬ થી ફરી રાજ્યમાં તીવ્ર ઠંડીનો નવો રાઉન્ડ શરુ થશે અને ઠેર-ઠેર ૧૦ થી ૧૨ ડીગ્રી વચ્ચે તાપમાન નોંધાશે. ખાસ કરીને નલિયા, જુનાગઢ, અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ઠંડીનું જોર વધુ રહેશે અને ક્યારેક સિંગલ ડિઝીટ તાપમાન પણ થઈ જશે. ખાસ કરીને કચ્છ જિલ્લામાં ઠંડીની તિવ્રતા વધુ રહેવા પામશે તેવો હવામાન વિભાગનો નિર્દેશ છે.

# પતંગો આકર્ષણનું કેન્દ્રઃઉત્તરાયણને મનાવવા પતંગ રસીકોમાં ઉત્સાહ

## વીરપુરમાં પુષ્પા, હેપી ૨૦૨૫ની પતંગોનો ક્રેઝઃ બાળકોમાં ડોરિમોન,પોકેમોન, કાર્ટુન


સૌરાષ્ટ્ર ગુજરાતમાં ઉત્તરાયણનું ખાસ મહત્વ હોય છે, ખાસ કરીને પતંગ રસિકો ઉત્તરાયણની આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે ત્યારે આ વર્ષે યાત્રાધામ વીરપુરમાં ઉત્તરાયણમાં પતંગ રસિકોમાં બેવડો ઉત્સાહ જોવા મળી રહ્યો છે,૨૦૨૫ની નવા વર્ષની ઉત્તરાયણને લઈને અત્યાર થી જ પતંગ રસિકોમાં ઉત્તરાયણમાં અનેરો ઉત્સાહ છે જેમને લઈને આ વખતે પતંગ બાજોમાં ખાસ તો કાગળ તેમજ પ્લાસ્ટિકની રંગબેરંગી પતંગો સાથે સાથે બાળકોમાં ડોરિમોન,પોકેમોન કાર્ટુન પતંગો તેમજ બે સળી તેમજ ત્રણ સળી વાળી પતંગો તેમજ તૈયાર કિના બાંધેલી પતંગો પતંગ રસિકોનું આકર્ષણનું કેન્દ્ર બની છે. તેમજ ખાસ



તો પુષ્પા-૨ તેમજ હેપી ૨૦૨૫ની પતંગોનો ક્રેઝ પણ વધુ જોવા મળ્યો છે સાથે ખાસ તો આ વર્ષે નવી આઈ સ્માર્ટ ફીરકી જે ઓટોમેટિક ઈલેક્ટ્રીક ફીરકી પણ પતંગ માર્કેટમાં હોવાથી લોકોમાં ખાસ ખરીદીનું કેન્દ્ર બની ખાસ વેચાણ જોવા મળી રહ્યું છે, પતંગ રસિકોએ જણાવ્યું હતું કે આ વર્ષે તૈયાર કિના બાંધેલી પતંગો માર્કેટમાં મળી રહી છે .

જેમને લઈને ઉત્તરાયણની આગલી રાતે જે અગાવ પતંગોના કિના બાંધવા પડતા તે હવે તૈયાર કિના બાંધેલ પતંગો માર્કેટમાં મળતા પતંગ બાજોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમજ સાથે સાથે આઈ સ્માર્ટ ઓટોમેટિક ફીરકી માર્કેટમાં વેચાતી હોવાથી પતંગ રસિકોમાં તે ઓટોમેટિક ઈલેક્ટ્રીક ફિરકીએ ખાસ આકર્ષક જમાવ્યું છે કારણકે ઓટોમેટિક ઈલેક્ટ્રીક ફીરકી થી પતંગ ચગાવતી વખતે પતંગની દોરી ઓટોમેટિક ઝડપથી વિટાઈ જાય છે.

જેમને લઈને પતંગબાજીમાં સમય બગડતો નથી અને દોરીને પણ નુકસાન થતું નથી તેથી આ આઈ સ્માર્ટ ફિરકીએ પતંગ રસિકોની ખરીદીમાં ખાસ બેવડો ઉત્સાહ છે તેમજ સુરતી માંઝા અને મોટા બ્યુગલનું પણ વધુ વેચાણ થઈ રહ્યું છે ત્યારે ઉત્તરાયણને ગણતરીના જ દિવસો બાકી છે જેમને લઈને યાત્રાધામ વીરપુરમાં આ વખતે પતંગબાજો ભારે ઉત્સાહ સાથે ઉત્તરાયણની ઉજવણી કરવા થનગની રહ્યા છે.




## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વાહન મશીન વગેરેથી સંભાળવું. સારા શુભ સમાચાર મળશે. કરેલા રોકાણથી લાભ થશે. કામકાજમાં ફાયદો થશે.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નોકરી અને રોકાણથી લાભ થશે. યાત્રા-પ્રવાસથી લાભ થાય. પરોપકારના કામ કરવાથી શાંતિ મળે. માનસિક બેચેની જણાશે.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જોખમવાળા કામથી દૂર રહેવું. ખર્ચનું પ્રમાણ અધિક જણાશે. શત્રુથી સામાન્ય પરેશાની જણાશે. અજાણ્યા વ્યક્તિનો વિશ્વાસ ના કરવો.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ રોકાયેલું ધન પ્રયાસ કરવાથી મળશે. કામકાજમાં વૃદ્ધિ થશે. રોકાણ, વેપાર, અભ્યાસમાં સફળતા મળશે. મનોબળ મજબૂત બનશે.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નવા કામકાજથી લાભ થશે. આત્મબળમાં વધારો થશે. કામકાજમાં ફાયદો થાય અને મન પ્રસન્ન રહેશે. કામમાં જવાબદારી વધશે.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ધાર્મિક યાત્રા કે પ્રવાસની સંભાવના છે. રાજકાજની રુકાવટો દૂર થશે. ધનપ્રાપ્તિની સંભાવના પ્રબળ બને છે. કામકાજમાં સફળતા જણાશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આકસ્મિક લાભ થાય. નવા રોકાણ માટે ઉત્તમ સમય છે. વિવાદિત કાર્યોમાં પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે. મોટાની વાતને દિલ ઉપર ના લેવી.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જીવનસાથી ભાગીદારોનો સહયોગ મળશે. વિરોધીઓ તમારાથી પરાજીત થશે. કોર્ટ કચેરી-પારિવારિક સંઘર્ષમાં સાચવવું. વ્યર્થ વાણીવિલાસથી દૂર રહેવું.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સંપત્તિને લગતા કામકાજમાં લાભ થશે. સામાજિક કાર્યોમાં યશ પ્રભાવ વધશે. વિવેકવાળા કામકાજમાં લાભ થશે. હરિફાઈવાળા કામમાં સફળતા મળશે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મહેનતના પ્રમાણમાં સારી સફળતા મળશે. ધંધામાં આવકની નવી તકો મળશે. સંતાનોના પ્રશ્નોથી પરેશાની રહેશે. જવાબદારીમાં વધારો થશે સાથે લાભ પણ થશે.

**કુંભ (ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મશીનરી અને વાહન બાબતે સંભાળવું. જોખમી કામકાજથી દૂર રહેવું. વેપાર વાણિજ્યમાં મધ્યમ જણાશે. કારકિર્દીની બાબતમાં સાવધાન રહેવું.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ યાત્રા-પ્રવાસ કે ફરવાથી લાભ થશે. માન,પાન,પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. રોકાયેલા કાર્યોમાં ગતિ મળશે. હોંશિયારીથી કામમાં ધ્યાન આપવું.

## ફિલ્મી ગપશપ

### અનન્યા પરિવાર સાથે અમૃતસરની ટ્રીપ પરઃગોલ્ડન ટેમ્પલ દર્શન કર્યા, કુલહડ લસ્સી સાથે કુલચાનો સ્વાદ માણ્યો; સિમ્પલ લુકે ફેન્સનું દીલ જીત્યું



બોલિવૂડ એક્ટર અનન્યા પાંડેએ તેની માતા ભાવના પાંડે અને બહેન રિસા પાંડે સાથે અમૃતસરના સુવર્ણ મંદિરમાં દર્શન કર્યા હતા. આ દરમિયાન એક્ટ્રેસ સફેદ ફૂલવાળો સૂટ પહેરેલી જોવા મળી હતી. અનન્યાએ સોશિયલ મીડિયા પર તેની મુલાકાતની ઘણી તસવીરો શેર કરી હતી, જેમાં તે સુવર્ણ મંદિરમાં હાથ જોડીને પ્રાર્થના કરતી જોવા મળી હતી.

પૂજા કર્યા પછી અનન્યા અને તેના પરિવારે અમૃતસરની પરંપરાગત વાનગીઓનો સ્વાદ ચાખ્યો. તેણે અહીંના ફેમસ કુલહડમાં લસ્સી અને કુલચાનો આનંદ માણ્યો હતો, જેની એક ઝલક તેણીએ તેના ચાહકો સાથે પણ શેર કરી હતી.

અગાઉ, તેણે નેટફ્લિક્સ ફિલ્મ 'ઝ્ઈન'માં નૈલા અવસ્થીનું પાત્ર ભજવ્યું હતું. છદ્વૈંને આપેલા ઈન્ટરવ્યુમાં અનન્યાની માતા ભાવના પાંડેએ તેની પુત્રીની મહેનતની પ્રશંસા કરી અને કહ્યું કે તે તેની સિદ્ધિઓ પર ગર્વ અનુભવે છે. તેણે અનન્યાને ટીકાથી દૂર રહેવા અને તેના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ પણ આપી. આગામી પ્રોજેકટ વિશે વાત અનન્યા ટૂંક સમયમાં રોમેન્ટિક ડ્રામા 'ચંદા મેરા દિલ'માં જોવા મળશે, જેમાં તેની સાથે એક્ટર લક્ષ્ય પણ છે. વિવેક સોની દ્વારા ડિરેકટેડ આ ફિલ્મ ૨૦૨૫માં જ રિલીઝ થશે.

### ક્ષત્રિય સમાજના પ્રતિનિધિઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા

# કમૂરતા પુરા થતા જ મંત્રીમંડળ વિસ્તરણની અટકળો ફરી શરૂ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

ગુજરાતમાં એકતરફ ભાજપના સંગઠનમાં જીલ્લા મહાનગરના ૪૧ પ્રમુખોના નામો અંગે જબરુ સસ્પેન્સ છે અને આ નામો ગમે ત્યારે જાહેર થાય કે પછી વિલંબમાં પડયા છે તેની ચર્ચા છે તે સાથે હવે કમુરતા પુરા થતા જ ફરી એક વખત મંત્રીમંડળના પુનરચનાની ચર્ચા શરૂ થઈ છે અને તેમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ મુખ્યમંત્રીને મળવા પહોંચીને હવે તેમના સમાજને મંત્રીમંડળમાં માનભર્યા સ્થાનની રજુઆત કરતા ચર્ચા વધુ વેગવાન બની છે.

ગુજરાતમાં મંત્રીમંડળ પુનઃરચના એ લાંબા સમયથી ચર્ચામાં છે. અને બોર્ડ નિગમોમાં પક્ષના કાર્યકર્તાઓથી લઈને જેઓ ધારાસભ્ય બનવામાં વંચિત રહ્યા છે. તે ઉપરાંત અનેક ધારાસભ્યો પણ બોર્ડનિગમમાં ચેરમેન સહિતના પદો પર બેસવા આતુર છે. તેઓને તો ચાર-પાંચ વર્ષની રાહ જોવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. ૨૬થી વધુ બોર્ડ નિગમમાં ભૂતકાળમાં રાજકીય નિયુક્તિમાં થઈ છે.

પણ છેલ્લે કયારે આ પ્રકારે સામુહિક નિયુક્તિ થઈ તે ગુગલ કરવુ પડે તેવી સ્થિતિ છે તો મંત્રીમંડળને પણ ભૂપેન્દ્ર પટેલ સરકારે પ્રથમ અને બીજી ટર્મમાં મર્યાદીત રાખ્યા બાદ ૧૫૬ ઉપરાંત કોંગ્રેસના પાંચ અને હવે વાવ બેઠક પણ ભાજપના ખાતામાં આવી છે.

આમ ૧૬૨ સભ્યો અને બે-ત્રણ અપક્ષો પણ સરકારની સાથે છે. આવી પ્રચંડ બહુમતીથી ભાજપને હવે થોડા ઘણા અસંતોષ પરવા નથી તેવું ધારાસભ્યોના વર્તુળોમાં ચર્ચાય છે અને આ વચ્ચે કમુરતા એ તેમની આશા માટે શેરબજારની ભાષામાં કહીએ તો 'સપોર્ટ' હતો તે નજીક આવતા હવે ફરી ચર્ચા શરૂ થઈ છે.

ખાસ કરીને અમરેલી ઘટનાએ ડેમેજ કંટ્રોલની કોઈ સીસ્ટમ જ નથી તે નિશ્ચિત થયુ છે. અનેક મંત્રીઓની કામગીરીમાં પ્રશ્નો છે અને તમામ ભાટ મુખ્યમંત્રી પર આવી ગયા છે. હવે સંગઠન નવરચના અને પ્રદેશ પ્રમુખની નિયુક્તિ પણ હવે આગામી સપ્તાહમાં આગળ વધશે અને તે બાદ મંત્રીમંડળની પુનરચના હાથ પર લેવાઈ શકે છે અને તેમાં ગઈકાલે રાજપૂત સમાજના અગ્રણીઓ જેમાં ક્ષત્રિય આંદોલનના અગ્રણીઓ રમજુભા જાડેજા અને તૃપ્તીબા રાઓલ પણ હતા. તેઓએ સ્વીકાર્યુ કે સમાજ વતી સરકારમાં મંત્રીમંડળમાં સ્થાન માટે રજુઆત કરાઈ છે.

તેઓએ કહ્યું કે પરસોતમ રૂપાલા પ્રકરણ હવે પુરૂ થઈ ગયુ છે. અમારે રાજકારણ સાથે કઈ લેવા દેવા નથી. પંચાયત ચુંટણીમાં કોને મત આપવો એ સમાજના લોકો સ્વતંત્ર નિર્ણય લઈ શકે છે.

આમ ક્ષત્રિય સમાજનું વલણ હવે પણ ભાજપ સાથે ટકકર નહીનુ લીધુ હોવાનું માનવું છે અને તેથી સરકાર તરફથી પણ ક્ષત્રિય સમાજના પ્રતિનિધિઓ જે ભાજપમાં છે. તેઓને મંત્રીમંડળમાં સારા સ્થાને જવાબદારી આપવાની વિચારણા થશે.

### અડધા દિવસનાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો

# અમરેલીનાં લેટરકાંડમાં પીડિત યુવતીને ન્યાય નહી મળે ત્યાં સુધી લડત શરૂ રહેશે : પરેશ ધાનાણી

અમરેલી,તા.૧૧

અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનાં પ્રથમ તબકકામાં પુર્વ ધારાસભ્ય અને પુર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ અમરેલીની પાટીદાર પીડિત યુવતીને ન્યાય અપાવવા ધરણા યોજી અમરેલી શહેર અડધો દિવસ બંધ રાખવાનું એલાન આપતા આજે શનિવારે અમરેલી શહેર બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. જયાં સુધી પીડિત પાટીદાર યુવતીને ન્યાય નહી મળે ત્યાં સુધી લડત શરૂ રહેશે તેમ પરેશ ધાનાણીએ જણાવ્યું છે.




અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધારણા કાર્યક્રમ પુર્ણ જાહેર કરી અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીએ એકવા નાની બાળકીના હાથે લીંબુ પાણી પીધુ હતું. અને ત્યાર બાદ ઉપવાસી છાવણીને સંબોધીને જણાવ્યું હતું કે, પીડિત યુવતીને ન્યાય આપવા માટે થઈ છેલ્લા ૪૮ કલાકના ઉપવાસ કરવા છતાં અને કહેવાતી સંવેદન સરકારની સંવેદના જગાડવામાં પોતે નિષ્ફળ રહયા છે.

નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધારણા કાર્યક્રમ પુર્ણ જાહેર થયા બાદ આગામી સોમવારથી હવે સુરતથી બીજા તબક્કાનો પ્રારંભ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું હતુ કે, આ લડાઈમાં કોંગ્રેસ પક્ષની નથી , પરંતુ નારીના સ્વાભિમાનની લડાઈ છે તેમાં તમામ સામાજિક આગેવાનો, વેપારી આગેવાનોને આ ન્યાયની લડતમાં સહભાગી થવા જાહેર આમંત્રણ આપ્યું હતું.

આજે બંધની અપીલને લઈ અમરેલી બંધ રાખનાર સૌ કોઈ વેપારીઓનો પણ આ તકે આભાર માન્યો હતો. અને જ્યાં સુધી પીડિત યુવતીને ન્યાય નહીં મળે ત્યાં સુધી આ આંદોલન શરૂ રાખવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું.

આજે અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધારણા કાર્યક્રમ પુર્ણ જાહેર કરવા માટેના કાર્યક્રમમાં ઉનાના પુર્વ કોંગી ધારાસભ્ય પુંજાભાઈ વંશ, માજી સાંસદ વિરજી ઠુંમર, યુવા કોંગ્રેસના પ્રમુખ સંદીપ ધાનાણી, કોંગ્રેસ અગ્રણી નરેશ અધ્યારૂ, અર્જુનભાઈ સોસા, નંદલાલ ભડકણ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પુર્વ ચેરમેન ટીકુભાઈ વરૂ તથા મનુભાઈ આદરોજા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

### હાર્ટએટેકથી મૃત્યુ પામનાર બાળકીના ખભે હતી ભારે સ્કૂલ બેગઃ ફરી દફતર ભારણનો મુદ્દો ઉછળ્યો

# રાજયમાં સ્કૂલબેગના ભારણ અંગે ધોરણ અંગે ગાઈડલાઈન છે, પણ કડકાઈથી અમલ થતો નથી

શહેરના થલતેજ-બોડકદેવ વિસ્તારમાં આવેલી ઝેબર સ્કૂલમાં ૮ વર્ષની બાળકીનું શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ થયું છે. ધો.૩ની વિદ્યાર્થિની ગાર્ગી રાણપરાને અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો. ત્યારબાદ તે લોબી પરની ખુરશી પર બેસી ગઈ હતી. પછી થોડી ક્ષણોમાં જ તે ઢળી પડી હતી. આસપાસમાં હાજર મહિલાઓ અને વિદ્યાર્થીઓ દોડી આવ્યા હતા. તેને તાત્કાલિક ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ જાહેર થયા છે. તેમાં ધો.૩માં ભણતી વિદ્યાર્થિની સ્કૂલ બેગ લઈને જતી જોવા મળી રહી છે. ત્યારે હવે આ ઘટના બાદથી સ્કૂલ બેગના ભારણનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. આજથી ૭ વર્ષ પહેલાં કેન્દ્ર અને રાજ્ય સરકારે સ્કૂલ બેગ અને અભ્યાસક્રમ અંગે નવી ગાઈડલાઈન જાહેર કરી હતી. તેમ છતાં હજુ તેનો કડકાઈથી અમલ થતો જોવા મળી રહ્યો નથી. વાલીઓ અને વિદ્યાર્થીઓ પાસે હજુ પણ સ્કૂલ બેગનો ભાર ઘટાડવાની વાતો સાંભળવા મળે છે.કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા દેશની તમામ સ્કૂલોમાં ભણતાં ધો.૧થી ૧૦ના બાળકો માટે ધોરણ પ્રમાણે સ્કૂલ બેગનું વજન નક્કી કરાયેલું છે. આ અંગેનો પરિપત્ર વર્ષ ૨૦૧૮માં તમામ રાજ્યોને મોકલી તેનો ચુસ્ત અમલ કરવા આદેશ કરાયો હતો.

**સ્કૂલબેગમાં વજન અંગે રાજયમાં શું છે ધારાધોરણો**

**ગુજરાતમાં શાળા માટે સ્કૂલ બેગ અને અભ્યાસક્રમ અંગે ગાઇડલાઇન જાહેર કરવામાં આવી છે પણ અમલ ક્યારે! વિદ્યાર્થીઓને ભણતરનો ભાર લાગી રહ્યો છે. જેમાં કેન્દ્ર-રાજ્ય સરકારે સ્કૂલ બેગ-અભ્યાસ અંગે નિયમો બનાવ્યા પરંતુ અમલ કરવામાં આવતો નથી.ગાઈડ લાઈન મુજબ - પ્રી પ્રાયમરીમાં કોઈ બેગ નહીં, ધો. ૧ અને ૨માં ૧.૬થી ૨.૨ સલ, ધો. ૩થી ૫માં ૧.૭થી ૨.૫ સલ, ધો. ૬થી ૭માં ૨થી ૩ સલ, ધો. ૮થી ૧૦માં ૨.૫થી ૪.૫ સલ, ધો. ૧૧ અને ૧૨માં ૩.૫થી ૫ સલ કે.જી. છે.**

# કહેણી અને કરણી એક ન હોય,વાણી અને વર્તન એક ન હોય,ત્યાં સુધી શબ્દમાં શકિત આવતી નથી.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

છેલ્લા કેટલાક સમયથી આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરી રહ્યા છીએ ત્યારે આજે પોષી પૂનમ મા અંબાનો પ્રાગટ્ય દિવસ અને ભાઈની બહેન રમે કે જમે વ્રત સાથે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જન્મ પણ દુઃખ છે.વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે,પણ એથી મોટું દુઃખ મરણ છે. માટે વેળાસર ચેતી જાઓ. આ દુઃખોને રોજ યાદ કરો.રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ.નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં?મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો પાપ શા માટે કરો છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે. બજારમાં શેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે,પણ મૃત્યુનો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય,ત્યારે માનજો કે તમે સંત છો.મનુષ્ય માને છે કે,હું પાપ કરું છું તે કોઈ જોતું નથી. પણ પાપપુણ્યના અનેક સાક્ષી ઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે.સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે. ભગવાનના સેવકો જ્યાં જાવ ત્યાં સાથે જ છે સદગુરુ શંકરાચાર્ય સ્વામી દુઃખ પામી કહે છે કે,મનુષ્ય મરવાનું છે તે જાણે છે. એક દિવસ આ બધું છોડીને જવાનું છે તે પણ જાણે છે તેમ છતાં મનુષ્ય પાપ કરે છે!તે તેમને આશ્ચર્ય થાય છે.છેવટેએ મરણને શરણ થાયછે તો પણ તે પાપી આચરણ છોડતો નથી.માટે તમારા જીવનને સાચવજો.પરીક્ષિતને અધિકાર સિદ્ધ થયા પછી શુકદેવજી ત્યાં પધાર્યા છે. શુકદેવજીને આમંત્રણ આપવું પડ્યું નથી.અમે આમંત્રણ આપે આ શુકદેવ આવે તેવા નથી. પરીક્ષિત રાજા જ્યાં સુધી મહેલો માં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજી ના આવ્યા પણ તક્ષકના ભયથી સંસાર છોડ્યો કે તરત શુકદેવજી પધાર્યા પરીક્ષિત રાજાને ખાતરી હતી કે, સાત દિવસ પછી મરવાનો છું. આપણને એ પણ ખબર નથી. જીવન પાણીનો પરપોટો છે. પાણીના પરપોટાને ફૂટી જતાં વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતાં પણ વાર લાગતી નથી.

પ્રથમ સ્કંધમાં શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પામવાનો અધિકારી કોણ, એ જ્ઞાન આપવાનો અધિકારી કોણ વગેરે બતાવ્યું છે.પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણ છે: ઉત્તમાધિકાર,મધ્યમાધિકાર અને ત્રીજું કનિષ્ઠાધિકાર પ્રકરણ. શુકદેવજી-પરીક્ષિત ઉત્તમ વક્તા-શ્રોતા, નારદ-વ્યાસ મધ્યમ શ્રોતા વક્તા અને સૂત-શૌનકજી કનિષ્ઠ વક્તા-શ્રોતા.વ્યાસજી સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે એટલે કે મધ્યમ વક્તા.બીજાને સુધારવાની ભાવના પ્રભુ ભજન માં વિઘ્ન કરે છે બીજાને સુધારવાની ભાંજગડ માં પડતા નહીં તમે પોતાને સુધારજો. કથા કરતી વખતે શુક દેવજીને ખબર નથી કે, મારી કથા સાંભળવા સામે કોણ કોણ બેઠા છે?શુકદેવજીની કથાથી ઘણાનાં જીવન સુધરે છે, પણ તેનો વિચાર શુકદેવજી કરતા નથી.શંકરાચાર્યે કહ્યું છે કે,બ્રહ્મજ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી.આવી દશા શુકદેવજીની છે.જગતમાં બ્રહ્મ જ્ઞાની મળી શકે,પણ બ્રહ્મદષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા.કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય,ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી.શુકદેવજી મહારાજ જે બોલ્યા છે તે જીવન માં ઉતારીને બોલ્યા છે. છે અને પછી તમને કહું છું. શુકદેવજી ઉત્તમ વક્તા છે કારણ કે વાણી અને વર્તન તેમનું એક વખત એકનાથ મહારાજ પાસે એક બાઈ પોતાના પુત્રન લઈને આવી કહે. મહારાજ મારા પુત્રને ગોળ ખાવાની બહુ ટેવ છે. તે ટેવ છોડી દે તેવા આશીર્વાદ આપો આવી વ્યક્તિ વંદનીય છે. મહારાજે તે વખતે તમે ને આશીર્વાદ આપ્યા નહીં, કારણકે પોતે ગોળ ખાતા હતા.તે બાઈને તેઓએ કા થોડા દિવસ પછી તમારા પુત્રને લઈને આવજો તે વખતે હું આશીર્વાદ આપીશ. પછી તેઓએ ગોળ ખાવાનું છોડયું. થોડા દિવસ પછી પેલી બાઈ પોતાના પુત્રને લઈને આવી. મહારાજે તે વખતેબાળકને આશીર્વાદ આપ્યો.એનું નામ ઉત્તમ વક્તા. વચનસિદ્ધિ અમથી નથી આવતી.અસેઝ પ્રસાદ કરતાં પેટમાં અજીર્ણ થાય એટલો પ્રસાદ ન લેવાય. ભગવાન યોગી છે.ભોગી નથી.આ જીવ ભોગી છે યોગી નથી એટલે ભગવાનછપ્પન ભોગ આરોગે તેમાં વહે નહીં, આપણાથી આવું ન થાય.

ત્યાગથી અલૌકિક શક્તિ આવેછે વિષયો આપણને છોડીને જાય તો દુઃખ થાય છે,પણ આપણે સમજી ને વિષયોને છોડીએ તો આનંદ આવે છે.શુકદેવજીમાં સોળઆની વૈરાગ્ય છેએક તે ઉત્તમ વક્તા છે.

વ્યાસજીએ એકલીલાનાં પ્રત્યક્ષ દર્શન કર્યા છે. વ્યાસજીએ અંતર દષ્ટિથી આ બધું જોયું છે. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે. આપણી આંખો લૌકિક છે. લૌકિક આંખો અલૌકિક ઈશ્વરને જોઈ શકે નહીં.બહારની આંખ બંધ કર્યા પછી અંતરની આંખ ખૂલે છે, ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે,એટલે મહાપ્રભુએ ભાગવતની ભાષાને સમાધિભાષા કહી છે. ઈશ્વરના ધ્યાનમાં જેને થોડો પણ આનંદ મળે છે,તેને ભાગવતનો અર્થ જલદી સમજાય છે. વ્યાસ જીએ અઢાર હજાર શ્લોકનો આ ભાગવતગ્રંથ બનાવ્યો,પરંતુ વ્યાસ જીને ચિંતા થઈ. ગ્રંથ તો મેં તૈયાર કર્યો પણ તેનો પ્રચાર કોણ કરશે? જન્મથી જેને માયાનો સંસર્ગ ન થયો હોય એવા નિર્વિકારી જ આ ગ્રંથનો પ્રચાર કરી શકશે.બહુ વિચારને અંતે વ્યાસજીને લાગ્યું કે,આવો લાયક તો મારો પુત્ર છે.એકવાર સર્વશ્રેષ્ઠ નારી શુકદેવજીને ચળાવવા આવી. શુકદેવજીને કહે તમારું જીવન વૃથા જીવન છે.

શુકદેવજી ઉત્તર આપે છે કે, કોનું જીવન વૃથા છે એ જાણવું છે? તો સાંભળો, કમળના જેવાં જેનાં લોચન છે,કેયૂરના હારોથી જે શોભે છે,એવા પ્રભુ નારાયણની જેણે જેના હૃદય-પ્રદેશ પર લક્ષ્મી જી વિરાજે છે,એવા ગરુડ ધ્વજ, ચક્રધારી પરમાત્મા મુકુંદ ભગવાન નું જણે ક્ષણવાર સ્મરણ કર્યુંનથી તેવા મનુષ્યનું જીવનવૃથા ગયું જાણવું.એનો અવતાર એળે ગયો જાણવો.છેલ્લે શુકદેવજીએ રંભા ને કહ્યું, સ્ત્રીનું શરીર આટલું સુંદર અને સુગંધ મય હોઈ શકે છે તે મેં આજે જાણ્યું.હવે ફરી જન્મ લેવાનો જન્મ થાય,તો તારા જેવી મા શોધી કાઢીશ.જો આવા જન્મ સિદ્ધ યોગી છે શુકદેવજી.જન્મ થયો કે તરત તપશ્ચર્યા માટે વન તરફ તેમણે પ્રયાણ કર્યું હતું. શુકદેવજી સદા બ્રહ્મચિંતનમાં લીન રહે છે, તેમને વનમાંથી બોલાવવા કેવી રીતે?તેઓ વન માંથી ઘરે આવે તો હું ભાગવત શાસ્ત્ર તેને ભણાવું અને પછી તેઓ તેનો પ્રચાર કરે એવો વ્યાસજીને વિચાર આવ્યો.



ભગવાનના સ્વરૂપને કોઈ પામી શક્યું છે?કારણકે તેને પાર પામવા જતાં મન અને વાણી બેઉ પાછાં પડે છે.વાણી હિંમત કરી તેનું વર્ણન કરવા જાય, પણ મન ન પહોંચે ત્યાં વાણીનું શું ગજું? શ્રીકૃષ્ણનું સ્વરૂપ અદ્ભુત છે. તે સ્વરૂપે યોગીઓનાં ચિત્તને પણ આકર્ષ્યા છે.તો એ શુકદેવજી જેવા યોગીઓને શું નહીં આકર્ષે? શુકદેવજી નિર્ગુણ બ્રહ્મના ચિંતન માં લીન છે,તેનાથી તેનું ચિત્ત હટાવવા અને સગુણ બ્રહ્મ તરફ તેને વાળવા શ્રીકૃષ્ણ લીલાના શ્લોકો તેમને સંભળાવવા જોઈએ આ શ્લોકોની જાદુઈ અસરની વ્યાસજીને ખાતરી થઈ હતી.

જંગલમાં હિંસક પ્રાણી હતા, તેથી વ્યાસજીના શિષ્યો જંગલ માં દર્ભ સમિધ લેવા જતાં ડરતાં.

વ્યાસજીએ કહ્યું કે તમને બીક લાગે,ત્યારે આ ભાગવતના શ્લોક બોલજો. શ્રીકૃષ્ણ મારી સાથે છે એવો વિચાર કરજો.તે પછી ઋષિ કુમારો જ્યારે વનમાં જાય છે ત્યારે આ શ્લોકો બોલે, વનમાં

હિંસક પશુઓ વાઘ,સિંહ બધા વૈરને ભૂલી શાંત બની જતાં. વ્યાસજી વિચારે છે કે, જે મંત્રોથી પશુઓનું આકર્ષણ નહીં થયું, તે મંત્રોથી શું શુકદેવજીનું આકર્ષણ નહીં થાય? દેહભાન ન ભૂલાય ત્યાં સુધી દેવના દર્શન થતા નથી. શુકદેવજી જ્યોતિર્મય બ્રહ્મનું ચિંતન કરે છે.તેમને દેહભાન નથી. શુકદેવજી પરમહંસોના આચાર્ય છે,તેથી બ્રહ્મ ચિંતન કરે છે.એવા શુકદેવજીનું મન આકર્ષવા વ્યાસ જીએ યુક્તિ કરી.વ્યાસજીએ શિષ્યોને કહ્યું કે,શુકદેવજી જે વનમાં સમાધિમાં બેસી રહે છેત્યાં તમે જાવ,અને તેઓ સાંભળે તેમ આ શ્લોકનું ગાન કરો.ફરી ફરી ગાન કરો.શુકદેવજીનું હૃદય ગંગાજળ જેવું શુદ્ધ છે. જળ સ્થિર અને સ્વચ્છ હોય તો તેમાં શુદ્ધ પ્રતિબિંબ પડે છે

વાચક ચાહક મિત્રો,આજે તેરમી જાન્યુઆરી ૨૦૨૫ને સોમવાર ભાઈની બહેન રમે કે જમે..પોષી પૂનમનું વ્રત સાથે જગત જનની મા અંબાનો પ્રાગટ્ય દિવસ.. આવતી કાલે સવારે આકાશ પતંગોથી છવાઈ જશે.. પતંગોત્સવ કાળજી પૂર્વક ઉજવો બાળકોને વીજ વાયર તથા બિનજરૂરી દોડધામથી સાવચેત કરો.સૌને મકર સંક્રાંતિ ઉત્તરાયણ પતંગોત્સવની શુભકામનાઓ પાઠવું છું..અસ્તુ.

### સાબરકાંઠામાં ઉતરાયણ પર્વ અગાઉ યમરાજના ધામા સિવિલમાં એક સાથે ચાર ના પીએમ

# કનૈયાલાલ ભગોરા નામના પોલીસ કર્મી હૃદય રોગથી મોત થતા પરિવારમાં આક્રંદ : ઉત્તરાયણનો તહેવાર માતમમાં ફેરવાયો





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના ઈડર સિવિલ હોસ્પિટલમાં ઉતરાયણ પર્વ અગાઉ એક સાથે ચાર મૃતદેહના પીએમ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર અલગ અલગ ચાર લોકોના મોત થતા ઉતરાયણ પર્વ છે તે પરિવારો માટે માતમમાં ફેરવાયો છે. કનૈયાલાલ ભગોરા નામના પોલીસ કર્મચારી ઈડર મામલતદાર કચેરી ખાતે ટ્રેજરીમાં ફરજ પર હતાં જ્યારે ચાલુ ફરજ દરમિયાન પોલીસ કર્મીને હૃદય રોગનો હુમલો થતાં તેઓનું મોત નિપજ્યું હતું જ્યારે ઈડર બારેલા તળાવ નજીક ટ્રેક્ટર ચાલકે પોતાના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેક્ટર પલટી માર્યુ હતું. ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજતા શ્રમિક પરિવારમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું હતું. ઈડરના જાદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફોર વ્હીલર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી હતી જેમાં કારચાલક યુવાનનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું જ્યારે અન્ય એક અકસ્માતમાં એક યુવકનું મોત થતાં ઈડર સિવિલ હોસ્પિટલમાં તમામ ચાર લોકોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઈડર સિવિલ હોસ્પિટલમાં ઉતરાયણ પર્વ અગાઉ એક સાથે ચાર પીએમને લઈ સમગ્ર સિવિલ પરિસર સહિત સમગ્ર વિસ્તારમાં શોક મય બન્યો હતો...

### અકસ્માતોની સંખ્યા ઘટે અને માર્ગ સલામતી વધે તેવો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જનહિતકારી અભિગમ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અકસ્માત સંભાવનાગ્રસ્ત માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે રૂ. ૧૮૮ કરોડ ફાળવ્યા

**વળાંક સુધારણા- ક્રેશ બેરિયર-સ્પોટ વાઇડનીંગ વગેરે ૮૦ કામો ૩૨૯ કિલોમીટર લંબાઈમાં રૂ.૧૦૦ કરોડના ખર્ચે હાથ ધરાશે**



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગ સલામતી રોડ સેફટી માટે જનહિતકારી નિર્ણય કર્યો છે. તેમણે રાજ્યના માર્ગો પર ની રોડ સેફટી સંલગ્ન વિવિધ કામગીરી માટે માર્ગ મકાન વિભાગને રૂ. ૧૮૮ કરોડના કામો હાથ ધરવા મંજુરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ માર્ગો પર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહન ચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો જનહિત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે રૂ. ૧૦૦.૫૩ કરોડ મંજુર કર્યા છે.

તદનુસાર ,વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઈડનિંગ , તથા રોડ ફર્નિચર વગેરે કામગીરી ના કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઈના માર્ગો પર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત રાજયના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ પર એન?ટીગ્લેર સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો પર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણયને પરિણામે રાજયમાં માર્ગ અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે તેમજ યાતાયાત વધુ સુરક્ષિત બનશે.

**ફોર લેન - સિક્સ લેન માર્ગો પર રોડ સેફ્ટીને ધ્યાને લઈને એન્ટીગ્લેર સિસ્ટમના કુલ ૭૬ કામો ૭૮૬ કિલોમીટર લંબાઈના માર્ગો પર કરવા માટે રૂ. ૮૭.૫૨ કરોડ મંજૂર કર્યા**

### બનાસકાંઠામાં પોલીસ વિભાગની લાલ આંખ

## ઉત્તરાયણ પહેલા પતંગની દુકાનોમાં ચાઈનીઝ દોરી અને તુક્કલ માટે ચેકિંગ હાથ ધર્યુ





(ગરવી તાકાત) પાલનપુર તા.૧૨

બનાસકાંઠા જિલ્લામાં આગામી ઉત્તરાયણ તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસે સક્રિય થઈને કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ વડાની સૂચના અનુસાર, જિલ્લાભરમાં પતંગની દુકાનોમાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વ્યાપક ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

પોલીસ દ્વારા તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પતંગની દુકાનોમાં ચેકિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

આ ચેકિંગનો મુખ્ય હેતુ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ પર અંકુશ લગાવવાનો છે, જે ઉત્તરાયણ દરમિયાન માનવ અને પશુ-પક્ષીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે.

પોલીસના આ પગલાંથી વેપારીઓમાં પણ સતર્કતા આવી છે અને પ્રતિબંધિત સામગ્રીના વેચાણથી દૂર રહેવાનું વલણ જોવા મળી રહ્યું છે. પોલીસે જણાવ્યું કે જો કોઈ વેપારી પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી કે તુક્કલ મળશે તો તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## મહેસાણામાં ભવ્ય બે દિવસીય યોગ શિબીર યોજાઈ





(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

પતંજલિ યોગ સમિતિ દ્વારા આયોજિત અને યોગ બોર્ડ પરિવારના સહકારથી મહેસાણાના હરિસિદ્ધ પાર્ટી પ્લોટ ખાતે યોજાઈ. બીજે દિવસે યોગ શિબિરનું સંચાલક શ્રી લક્ષ્મણભાઈ ગુરૂવાણી ભારત સ્વાભિમાન ટ્રસ્ટના રાજ્ય પ્રભારીએ કર્યુ હતું. જેમાં પતંજલિના લાઈફ મેમ્બરશ્રી ચંદ્રકાનતભાઈ, પારૂબને, પ્રિતેશકુમાર, જોઈતાભાઈ, દક્ષેશભાઈ, એસપીજી ગ્રૂપના લાલજીભાઈ, પતંજલિના પદાધીકારી ઈશ્વરભા, અજીતકુમાર, જે.પી. પટેલ, ગૌતમભાઈ, મેહુલભાઈ, બીજલબોન, રશ્મિકાબોન, અનસુયાબોન, વિનોદભાઈ, વિષ્ણુભાઈ, અજયકુમાર તથા કર્મઠ કાર્યકતા, વિકી ભાઈ, મનીષભાઈ, વિજયભાઈ, અશ્વિનભાઈ, વિપુલભાઈ, કેતનભાઈ, વિરલભાઈ, ભાવિકભાઈ, જગન્નાથભાઈ, હરેશસિંહ, નીતાબેન, રૂપલબેન, ધારાબેન, આશાબેન, અમીતાબેન, બબીતાબેન, સોનલબેન, આનંદીબેન, મહેશ્વરીબેન, બબીતાબેન વગેરેએ અખંડ પુરૂષાર્થ કરી યોગ શિબિરનું સફળ બનાવી હતી. ૭૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર યોગ શિબિરનો લાભ લીધો હતો અને આનંદ વ્યકત કર્યો હતો તે બદલ પતંજલિ સર્વેનો આભાર વ્યકત કરે છે.

### પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજે માતાજીનો પ્રાગટ્ય દિવસ

## ૨૧૦૦ કિલો સુખડીનો પ્રસાદ અને ૧૦૧ કુંડી યજ્ઞ સહિતની વિશાળ શોભાયાત્રા નીકળશે



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૨

અરવલ્લીની ગિરિમાળાઓમાં સ્થિત વિશ્વપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે આવતીકાલે મા જગતજનની અંબાનો પ્રાગટ્ય દિવસ ઉજવાશે. મંદિર દેવસ્થાન ટ્રસ્ટ અને શ્રી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિએ આ મહોત્સવની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે.

પોષી પૂનમના દિવસે સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારથી ચાચર ચોકમાં ૧૦૧ કુંડી યજ્ઞનો પ્રારંભ થશે. ભક્તો માટે ૩૦૦ કેરેટ મોહનથાળ પ્રસાદ અને ૨૧૦૦ કિલો સુખડીનો પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો છે.દિવસ દરમિયાન મહાશક્તિ યાગ, શાકંભરી અન્નકૂટ, બપોરે ૧૨ વાગ્યે અન્નકૂટ આરતી યોજાશે. ગબ્બરથી અખંડ જ્યોત લાવીને મંદિરમાં મહા આરતી બાદ નગરમાં વિશાળ શોભાયાત્રા નીકળશે. અમદાવાદની રથયાત્રા પછી ગુજરાતની આ બીજા ક્રમની સૌથી મોટી શોભાયાત્રા ગણાય છે.

મંદિરની હવનશાળામાં વિશ્વ કલ્યાણ અર્થે યજ્ઞ ચાલી રહ્યો છે. પોલીસ દ્વારા ભક્તોને કિંમતી સામાન અને મોબાઈલ સાચવીને રાખવા તેમજ શંકાસ્પદ પરિસ્થિતિમાં તુરંત પોલીસનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે. મોટી સંખ્યામાં ભક્તોની ભીડ જામવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



## નાળામાં પડેલી તિરાડો વધતી જાય છે, બે વખત રિપેરિંગ છતાં સમસ્યા યથાવત



થરાદ નજીક આવેલા માંગરોળ ગામમાં ભારતમાલા હાઈવે પર ગંભીર સમસ્યા સામે આવી છે. ગામના મુખ્ય માર્ગ પર બનાવવામાં આવેલા નાળામાં મોટી તિરાડો પડવાને કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છે.

ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ, હાઈવેનું નિર્માણ થયું ત્યારથી જ આ નાળામાં તિરાડો પડવાની સમસ્યા શરૂ થઈ હતી. સમય જતાં આ તિરાડો વધુ પહોળી થતી જાય છે અને નાળાની બાજુમાં દબાણ પણ થયું છે. સ્થાનિકોની ચિંતા એ છે કે જો નાળું ધરાશાયી થશે તો મોટી જાનહાની થઈ શકે છે.

ભારતમાલા હાઈવેના અધિકારીઓએ અત્યાર સુધીમાં બે વખત રિપેરિંગ કાર્ય કર્યું છે, પરંતુ સમસ્યાનું કાયમી સમાધાન થયું નથી. ગ્રામજનોનો આરોપ છે કે નિર્માણ કાર્યમાં હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે વારંવાર તિરાડો પડે છે.

સ્થાનિક લોકોએ ભારતમાલા હાઈવેના અધિકારીઓને તાત્કાલિક ધોરણે નાળાની ચકાસણી કરવા અને જરૂર જણાય તો નવેસરથી નાળું બનાવવાની માંગ કરી છે. આ સમસ્યાનું જલ્દી નિરાકરણ ન આવે તો મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિસનગર આદર્શ વિદ્યાલય ખાતે પ્રાથમિક વિભાગના બાળકોની પતંગોત્સવ સ્પર્ધા યોજાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

મહેસાણા જિલ્લા ના વિસનગર શહેર ની શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય ના પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકોની પતંગોત્સવ સ્પર્ધા તા-૧૧/૦૧/૨૦૨૫ શનિવારના રોજ યોજાઈ. જેમાં શાળાના બાળકો એ મોટી સંખ્યામાં ભાગ લઈ પતંગોત્સવમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ પતંગોત્સવમાં નિરીક્ષક તરીકે સુપરવાઈઝરશ્રી લવજીભાઈ અને શિક્ષિકા કોકિલાબેને ઉપસ્થિત રહી બાળકોની કલાને બિરદાવી હતી. સમગ્ર પતંગોત્સવનું આયોજન શિક્ષિકા એકતાબેને કર્યું હતું. જેમાં સમગ્ર સ્ટાફમિત્રોએ સહયોગ આપ્યો હતો.

### ભારત વિકાસ પરિષદ વિસનગર દ્વારા જરૂરીયાતમંદ લોકોને ધાબળાનું વિતરણ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

વિસનગર શહેર ની સેવા કીય પ્રવૃતિઓ કરતી ભારત વિકાસ પરિષદ દ્વારા ઉતરાયણ પર્વ નિમિત્તે ગરીબો ને ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું.શહેર ના જુદા જુદા વિસ્તારોમાં આવેલા ધાર્મિક સ્થળો ઉપર પહોંચી ને ગરીબ પરિવારોને કડકડતી ઠંડીમાં રાહત મળે તેવા ઉમદા હેતુથી ભારત વિકાસ પરિષદ દ્વારા ગરમ ધાબળા નુ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ભારત વિકાસ પરિષદ ના પ્રમુખ શ્રી ડો જયેશભાઈ શુક્લ મંત્રી શ્રી જગદીશભાઈ પ્રજાપતિ.ડૉ નિખિલ ભાઈ ઠક્કર.. ચેતન ભાઈ સોની.. નગરપાલિકા ના સભ્ય શ્રી આર ડી પટેલ.. પૂર્વે પાલિકા સભ્ય શ્રી વિજયભાઈ પરમાર ખુરાના સામાજિક કાર્યકર શ્રી રાજુભાઈ એમ. બારોટ.અને કિર્તી ભાઈ રાવલ અને નિવૃત્ત પોલીસ કર્મચારી શ્રી રમેશજી પણ હાજર રહ્યા હતા.ભારત વિકાસ પરિષદ વિસનગર દ્વારા છેલ્લા પાંચ દિવસ ની આ સેવાકીય પ્રવૃત્તિ માં લગભગ ૧૪૫ જેટલા ધાબળા નુ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ફ્રિડમ ડે કેર સેન્ટર ધોળકા મુકામે નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો



લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સંવેદના, શ્રી જગવલ્લભ ભાતાઘર કમિટી તથા દર્શુ કેર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રિડમ કેર સેન્ટર ધોળકા મુકામે તા ૧૧/૦૧/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૧ કલાકે નિશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે ધોળકા નગરપાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા, કુમુદબેન રશમિકાંતભાઈ શાહ, રેખાબેન પંચાલ દર્શિતા બાબુભાઈ શાહ, ચીમનભાઈ નારણભાઈ પટેલ,યતીન લીલાધરભાઈ સિંગલ, પિયુષભાઈ મશર,કાઉન્સિલર શ્રી સાકીરમિયા મલેક, માર્ગેશભાઈ મોદી, સવજીભાઈ પટેલ તથા લાયન્સ કલબ સંવેદનાના ૨૦ સભ્યો હાજર રહ્યા હતા. ઉપરોકત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કર્યું હતું સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોએ પ્રાર્થના રજુ કરી હતી.સંસ્થા દ્વારા પુષ્પગુચ્છ અને મોમેન્ટો સંસ્થા પ્રમુખ શ્રી ભાવિન પરમાર, મંત્રી શ્રી હરીશભાઈ પરમાર, હેમલત્તા મકવાણા, ગૌરાંગી ગોહીલ, શ્રી મહેન્દ્રભાઈ પરમાર, શ્રી સુરેશભાઈ પરમાર ભરતભાઈ ઝાલા, મુકુંદભાઈ પરમાર, ધર્મિષ્ટાબેન, દિપ વેગડા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં આવનાર લાભાર્થીઓનું રજિસ્ટ્રેનની કામગીરી ઈન્ટર્શીપ માં આવતાં કે.આર. દોશી. સ્જીઉ કોલેજના વિદ્યાર્થીની રાધાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.આ નિશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પમાં ધોળકા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના ૩૪ દિવ્યાંગ લાભાર્થીઓએ વ્હિલ ચેર, વોકર,પાટલો,ઘોડીનો લાભ લીધો હતો. ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા દ્વારા જયમાડી ગ્રુપ મુકેશભાઈ, બંસીભાઈ રાજુભાઈ, મારુતિ સાઉન્ડ મેહુલભાઈ વૈષ્ણવનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે સંસ્થાનાં પ્રમુખ શ્રી ભાવિન પરમાર અને મંત્રી શ્રી હરીશભાઈ પરમાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

Volume : 10 Issue : 283 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002